## સંક્ષિપ્ત સમાચાર

### અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડીઓનું લોકાર્પણ




વલસાડ : વલસાડનાં ભાગડાવડા અને ટૂકવાડા ગામે અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ભાગડાવડા ગામે તીથલ રોડ પર નવનિર્મિત બે આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમ દેસાઈ, અધિકારીઓ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોર પટેલ, સરપંચ ધર્મેશ પટેલ, ઉપસરપંચ, તલાટી, આંગણવાડી કાર્યકર બહેનો, વાલીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. હેતલબેન પટેલે જણાવ્યું હતું કે, આંગણવાડી આપણા ગામના નાનકડા બાળકોના ભવિષ્યનું પ્રથમ પગથિયું છે. અહીં બાળક શિક્ષણની સાથે સંસ્કાર, પોષણ, સ્વચ્છતા અને જીવનના પ્રાથમિક પાઠ શીખે છે અને આગળ વધે છે. તેથી આંગણવાડીનું સુવિધાસભર અને સુરક્ષિત હોવું ખૂબ જ મહત્વનું છે. અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમ દેસાઈએ જણાવ્યું કે આંગણવાડી કેન્દ્ર માત્ર બાળકોના શિક્ષણ માટેનું સ્થળ નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને આરોગ્ય માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નવા આંગણવાડી કેન્દ્રમાં બાળકોને જરૂરી પાયાની સુવિધાઓ તથા અભ્યાસ અને રમતગમત માટેની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાના કારણે ગામના નાના ભૂલકાઓને વધુ સારું અને સુવિધાયુક્ત વાતાવરણ મળશે જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે. આ પ્રસંગે આગેવાનો તથા ગ્રામજનોએ અતુલ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કર્યો હતો. આંગણવાડી કેન્દ્રનો યોગ્ય ઉપયોગ અને જાળવણી કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સૌ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

### પારડી હાઇવે પરથી બાઈક ચોરી જનાર ઝડપાયો



પારડી : પારડી નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા મેટ્રો ગેરેજ સામેના ઘર આંગણેથી પાર્ક કરેલું બાઇક ચોરી જનાર ઈસમની પોલીસે ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી મુજબ, ભાવિન પ્રજાપતિ પોતાની સીબી શાઇન ૧૨૫ બાઇક (નં. GJ-15-DP-3633) લઈને ઘર આંગણે આવ્યા હતા. ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ તબિયત સારી ન હોવાથી તેઓ નોકરી પર ગયા ન હતા અને સાંજે બાઇક સ્ટિયરિંગ લોક કરીને પાર્ક કર્યું હતું. ત્યારબાદ ૧૨ સપ્ટેમ્બરના રોજ સવારે આશરે સાડા આઠ વાગ્યે નોકરી પર જવા નીકળતા બાઇક પોતાની જગ્યાએ હાજર નહોતું. અંદાજે ૨૫,૦૦ રૂપિયાની કિંમતનું બાઇક ચોરાયા અંગે તેમણે પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરી બાઇક ચોરી કરનાર નરેશ ઉર્ફે નરીયો ગોહાયડાભાઈ ટોકરીયા (રહે. મધ્યપ્રદેશ) ને ઝડપી પાડ્યો છે.

### વલસાડમાં 'પોષણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ



વલસાડ : વલસાડ તાલુકાના આઈસીડીએસ ઘટક-૧ દ્વારા 'પોષણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પાંચ સેજાની આંગણવાડી કાર્યકર બહેનોએ મિલેટ્સ અને ટી.એચ.આર. માંથી તૈયાર કરેલી અંદાજે 30 પૌષ્ટિક વાનગીઓ રજૂ કરી હતી. સ્પર્ધાનો હેતુ પૌષ્ટિક આહાર અંગે જનજાગૃતિ કેળવવાનો હતો. ન્યુટ્રિશન આસિસ્ટન્ટ સુષ્મા પટેલે વાનગીઓનું મૂલ્યાંકન કર્યું હતું. કાર્યક્રમમાં આઈસીડીએસના અધિકારીઓ ઉપસ્થિત રહી સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતાં.

### ધરમપુરના ભાંભા ગામે કારે વાહનોને અડફેટે લેતા યુવકનું મોત

ધરમપુર : ધરમપુર તાલુકાના ભાંભા ગામે જલારામ પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે દોડાવી લાવવામાં આવેલી હોન્ડા કારે પાર્ક કરેલા વાહનોને અડફેટે લેતા ૨૫ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે દુકાન બહાર ઊભેલી મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રાત્રે ભાંભા ગામના આહિર ફળિયા વિસ્તારમાં જલારામ પેટ્રોલ પંપ પાસે સુરતના નારાયણ નગરમાં રહેતા સુજિત અરુણ તિવારી પોતાની હોન્ડા જાઝ કાર (નં. GJ-24-K-9547) પૂરઝડપે હંકારતા અનાજ-કરિયાણાની દુકાન સામે પાર્ક કરાયેલા વાહનોને કારે જોરદાર ટક્કર મારતા બે મોટરસાયકલો હવામાં ફંગોળાઈ ગઈ હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ પર સવાર ભાંભા ગામના નિશાળ ફળિયામાં રહેતા યોગેશભાઈ રણજીતભાઈ પટેલ (ઉં. ૨૫)ને ગંભીર ઈજાઓ થવાથી તેમનું મોત નીપજ્યું હતું. આ ઉપરાંત દુકાનની બહાર ઊભેલા પ્રિયાબેન પટેલને પણ ડાબા ખભા, હાથ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ધરમપુર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### લવાછાના ઘરમાંથી ઘરેણા, રોકડ તથા ગેસના બાટલાની ચોરી

વાપી/વલસાડ : નાનાપોંઢા તાલુકાના લવાછા ગામ, વાપી સેલવાસ રોડ, અનાજ બજારની સામે ગૌતમની ચાલીમાં સુરેન્દર માનેકલાલ ચૌહાણ રહે છે. તેઓના ઘરના દરવાજાનું તાળુ તોડી તસ્કરોએ કબાટના લોકરમાંથી સોના-ચાંદીના ઘરેણા (કિંમત આશરે 1,17,000), રોકડા 15 હજાર અને ગેસના બાટલા નંગ-2 મળી કુલ રૂપિયા 1,36,000ની ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી હતી. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને ધરમપુર વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ભાર્ગવ પંડ્યાના માર્ગદર્શન હેઠળ નાનાપોંઢા પોલીસ ટીમ દ્વારા સીસીટીવી ફુટેજો, ટેક્નિકલ એનાલીસીસ, હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે ચોરી કરનારાઓ 3 ઈસમો (1) વિજયબહાદૂર ઉર્ફે ગુડ્ડુ શ્રીરામ સરોજ (2) સતિષકુમાર દિનેશ સરોજ અને (3) મનીષ ઉર્ફે આનંદ બહાદુર પાસી (તમામ હાલ રહે. લવાછા, પીપરીયા સ્થિત આવેલી ચાલીઓમાં, મૂળ યુપી)ને ઝડપી પાડ્યા હતા પોલીસે રૂપિયા 28 હજારની કિંમતના ઘરેણા, રોકડા 14,600 મળી કુલ રૂપિયા 42600નો મુદ્દામાલ રીકવર કર્યા હતાં. તમામને કપરાડા કોર્ટમાં રજૂ કરી તા.16-9-26 સુધીના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### દાદરા ચેકપોસ્ટ પર ડિવાઈડર સાથે ટકરાયેલી 108 એમ્બ્યુલન્સ પલટી

વાપી : સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના દાદરા ચેકપોસ્ટ પર રાત્રીના સમયે પેશન્ટને લઈ જઈ રહેલી 108 એમ્બ્યુલન્સ ડિવાઈડર સાથે ટકરાઈ હતી અને પલટી ગઈ હતી. અકસ્માત બાદ તરત જ પોલીસ ટીમ આવી પહોંચી હતી. એમ્બ્યુલન્સમાં રહેલ પેશન્ટને બીજી એમ્બ્યુલન્સ બોલાવી સેલવાસ નમો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ક્રેઈનની મદદથી એમ્બ્યુલન્સને માર્ગ પરથી સાઈટ કરવામાં આવી હતી.

**નવસારી અને અમલસાડ વચ્ચે ઊંઘનો લાભ ઉઠાવી તસ્કરે હાથ સાફ કર્યો**

# ગુજરાત ક્વિન એક્સપ્રેસમાં મુસાફર દંપતીનું પર્સ ચોરાયું

**મંગળસૂત્ર,** મોબાઈલ અને રોકડ સહિત ૧.૬૨ લાખની મત્તાની ચોરી

વલસાડ : અમદાવાદથી વલસાડ આવી રહેલી ગુજરાત ક્વિન એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા દંપતીની નજર ચૂકવી અજાણ્યો તસ્કર સોનાનું મંગળસૂત્ર, મોબાઈલ ફોન તથા રોકડ રકમ સહિત કુલ ૧,૬૨,૯૯૯ ની મત્તા ભરેલું લેડીઝ પર્સ ચોરી કરી ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે.

મળતી વિગતો અનુસાર, વલસાડ તાલુકાના અતુલમાં આવેલી હીલ સાઈડ કોલોનીમાં રહેતા તેમજ અતુલ કંપનીમાં નોકરી કરતા મયુરભાઈ અમરસીભાઈ પટેલ પત્ની સાથે ૧૩ સપ્ટેમ્બરના રોજ અમદાવાદથી વલસાડ આવવા નીકળ્યા હતા. તેઓ ટ્રેન નંબર ૧૯૦૩૪ ગુજરાત ક્વિન એક્સપ્રેસના કોચ ડી/૨ માં સીટ નંબર ૯ અને ૧૦ ઉપર મુસાફરી કરી રહ્યા હતા.

મુસાફરી દરમિયાન રાત્રિના સમયે ટ્રેન નવસારી રેલ્વે સ્ટેશનથી રવાના થઈ ત્યારે ઊંઘ આવી જતાં પતિ-પત્ની બંને પોતાની સીટ પર સૂઈ ગયા હતાં. ત્યારબાદ મોડી રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ટ્રેન અમલસાડ રેલ્વે સ્ટેશને પહોંચતા મયુરભાઈ અચાનક જાગ્યા હતાં. તેમણે સીટની બાજુમાં નજર કરતાં તેમની પત્નીનું લીલા રંગનું લેડીઝ પર્સ ગાયબ જણાયું હતું. કોચમાં આજુબાજુ તપાસ કરવા છતાં પર્સ મળી આવ્યું નહોતું.

નવસારી અને અમલસાડ રેલ્વે સ્ટેશન વચ્ચે ઊંઘનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો ચોર ઈસમ પર્સની ચોરી કરી નાસી છૂટ્યો હતો. ચોરાયેલા પર્સમાં આશરે ૧૦ ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર, એક સેમસંગ ગેલેક્સી એમ-૨૧ મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ ૧,૬૨,૯૯૯ ની મત્તા હતી.

આ મામલે મયુરભાઈ પટેલે વલસાડ રેલ્વે પોલીસ મથકે ફરિયાદ કરતા અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ મહિલા પોલીસ સબ ઈન્સપેક્ટર નીતાબેન દલસંગભાઈ ચૌધરીને સોંપી છે.

## વલસાડમાં 109 ગણેશજીના એક સાથે દર્શન



વલસાડ : હાલ સમગ્ર દેશભરમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશજીની સ્થાપના કરી ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. ત્યારે વલસાડ શહેરના મધ્યમાં મોટા બજારમાં આવેલા પ્રાચીન અંબામાતા મંદિરે આ વર્ષે ગણેશજીની ૧૦૯ જેટલી મૂર્તિઓની ભવ્ય સ્થાપના કરવામાં આવતા ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વલસાડના મોટા બજારમાં આવેલા પ્રાચીન અંબામાતા મંદિરના પ્રાંગણમાં આ વર્ષે શ્રી ગણપતિ દાદાની ૧૦૯ મૂર્તિઓનું સુંદર પાર્થિવ પૂજન સ્થાપન કરવામાં આવ્યું છે. આ આયોજનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં દેશભરના પ્રખ્યાત અને મુખ્ય ગણેશ મંદિરોની પ્રતિમાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં મહારાષ્ટ્રના પવિત્ર અષ્ટવિનાયક, જયપુરના મોતી ડુંગરી, વડોદરાના ધૂંડી વિનાયક, પુણેના સુપ્રસિદ્ધ શ્રીમંત દગડુશેઠ હલવાઈ, મુંબઈના સિદ્ધિવિનાયક, રાજસ્થાનના ત્રિનેત્ર ગણેશ બિરાજમાન છે. આ ઉપરાંત, અમેરિકાના ન્યૂયોર્ક મ્યુઝિયમમાં રખાયેલી વરદ વિનાયક મૂર્તિની પણ અહીં સ્થાપના કરવામાં આવી છે. આ તમામ મૂર્તિઓ અનંત ચૌદસ સુધી બિરાજમાન રહેશે.

### બાલચોંડી નજીક અકસ્માતમાં ઇજાગ્રસ્ત સાઇકલ સવારનું મોત

વલસાડ : નાનાપોંઢા-વાપી માર્ગ ઉપર બાલચોંડી ચાર રસ્તા નજીક બાઈક ચાલકે સાઈકલ સવારને અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં સાઈકલ સવારનું મોત નીપજ્યું હતું. ફરિયાદી રાજેશ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ૫૬ વર્ષીય કાકા અરવિંદ પટેલ સાઈકલ પર બાલચોંડી ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સ્પ્લેન્ડર બાઈક (નં. GJ-15-EN-8964) ના ચાલક કિશોર વનસા (રહે. કાકડકોપર) એ સાઈકલને પાછળથી ટક્કર મારી નીચે પાડી દીધા હતા. ઈજાગ્રસ્ત અરવિંદભાઈની સિવિલ હોસ્પિટલમાં પણ સારવાર ચાલુ હતી. દરમિયાન તબિયતમાં સુધારો જણાતા તેમને રજા અપાઈ હતી અને ઘરે દવા ચાલુ હતી. જોકે, ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે તેમનું અચાનક મોત નીપજ્યું હતું. અગાઉ સમાધાનની વાતચીત ચાલતી હોવાથી ફરિયાદ નોંધાવી ન હતી, પરંતુ અંતે નાનાપોંઢા પોલીસ મથકે બાઈક ચાલક કિશોરભાઈ વનસા સામે ગુનો નોંધાવવામાં આવતા પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# શેરબજારમાં રૂપિયા ૧.૪૬ કરોડની ઠગાઈમાં બે ઝડપાયા

**બનાવટી** કંપની ઊભી કરી નકલી એપમાં નફો બતાવી આચર્યો હતો વિશ્વાસઘાત



વલસાડ : વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે શેરબજારમાં રોકાણના બહાને લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતી ટોળકીના વધુ બે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પોલીસ વિગતો અનુસાર, ફરિયાદી ખુશરુ ડાલી પેટીગરાને સાયબર ગઠિયાઓએ 'Wealthy Vision VIP Circle' નામના વોટ્સએપ ગ્રૂપમાં એડ કરી સંસ્થાકીય ટ્રેડિંગ મારફતે બલ્કમાં શેર ખરીદ-વેચાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. ગઠિયાઓએ 'WealthyIN Broking Private Limited' નામની બનાવટી કંપની ઊભી કરી ફરિયાદી પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૧,૪૬,૭૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ એક નકલી એપ્લિકેશનમાં મોટો નફો બતાવી, તે રકમ ઉપાડવા માટે વધારાના ૧૫ ટકા કમિશનની માંગણી કરી વિશ્વાસઘાત આચર્યો હતો.

ફરિયાદ નોંધાયા બાદ સાયબર પોલીસે તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈન મારફતે કાર્યવાહી કરીને ફરિયાદીના રૂપિયા ૫૩,૯૭,૭૯૭ રિકવર કરાવ્યા હતા. આ કેસમાં અગાઉ ખાતાધારક નરેન્દ્ર મહેશભાઈ માળીની ધરપકડ કરવામાં આવી હતી, જેની પૂછપરછમાં અન્ય નાસતા ફરતા સાગરીતોના નામ બહાર આવ્યા હતા.

ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી વલસાડ સાયબર પોલીસે ભાદરવા બીજ મનાવવા ડીસા આવેલા બે વોન્ટેડ ભાર્ગવ નરેશભાઈ સોલંકી અને મેહુલ મહેન્દ્રભાઈ કછુઆને ઝડપી પાડ્યા છે. તપાસમાં આરોપી મેહુલના બેંક એકાઉન્ટમાંથી પણ ફ્રોડના રૂપિયા ૧૮,૭૦,૦૦૦ મળી આવ્યા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા તથા આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નોકરીમાંથી કાઢી મુકાતા કામદારનો કંપનીમાં પથ્થરમારો

**વાપીની** કંપની બહાર હોબાળો મચાવનાર યુવકને સિક્યોરિટી અને લોકોએ ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો

વાપી : વાપી જીઆઈડીસી સેકન્ડ ફેઝમાં આવેલી 'દામીની ઈન્ડસ્ટ્રીઝ' કંપનીના સંચાલક સાથે બનેલી એક ઘટના સામે આવી છે. મૂળ રાજકોટના વતની અને હાલ વાપીના ગોકુલ વિહારમાં રહેતા જીગર જયેશભાઈ મોરી (ઉં.૨૭) આ કંપની ચલાવે છે. તેમની કંપનીમાં રોહિત વજેસિંહ પટેલ (રહે. ગુંજન હાઉસીંગ, વાપી) નોકરી કરતો હતો. જેને કોઈ કારણસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો અને તેનો પગાર પણ ચૂકવવામાં આવ્યો ન હતો.

આ બાબતની અદાવત રાખીને ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ રોહિતે કંપની બહાર આવીને અંદર કામ કરતા કામદારો પર છૂટા પથ્થરો ફેંક્યા હતા અને બાદમાં નાસી છૂટ્યો હતો.

થોડા સમય બાદ તે ફરીથી આવ્યો અને પથ્થરમારો ચાલુ રાખતા કંપનીના સિક્યોરિટી ગાર્ડ તથા અન્ય કર્મચારીઓએ તેને પકડી લીધો હતો. આ અંગે તાત્કાલિક ૧૧૨ ઈમરજન્સી હેલ્પલાઈન પર જાણ કરવામાં આવતા પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી. આ સમગ્ર મામલે કંપની સંચાલક જીગર મોરીએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: સીમળગામ, તાલુકો: જલાલપોર, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક નંબર (નવો) | બ્લોક નંબર (જુનો) | હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| સીમળગામ | ૬૭૮ | ૫૨૫/પૈકી ૨ | ૦-૯૪-૫૯ પૈકી ૦-૪૭-૨૯.૫૦ | ૮.૭૦ | ૪૦૭ |

ઉપરોક્ત વિગતવાળી જમીન ડાહીબેન રવજીભાઈ પટેલ વિગેરે નાઓની સંયુકત માલિકીની ચાલી આવેલ છે. જે જમીન પૈકી (૧) ડાહીબેન રવજીભાઈ પટેલ, (૨) પાર્વતીબેન રવજીભાઈ પટેલ તે ચતુરભાઈ પટેલની પત્ની, (૩) ગીતાબેન રવજીભાઈ પટેલ તે અમરતભાઈ પટેલની પત્ની, (૪) ભારતીબેન રવજીભાઈ પટેલ તે મનુભાઈ પટેલની પત્ની, (૫) ઈલાબેન રવજીભાઈ પટેલ તે મગનભાઈ પટેલની પત્ની, (૬) અનિલભાઈ રવજીભાઈ પટેલનાઓના વણ-વહેંચાયેલ હિસ્સાની જમીન તેમની પાસેથી હમારા સીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો, ગણોત હકક કે લેણુ, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હીત, અધિકાર હોય તો તેમણે આજદિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૫-૦૯-૨૦૨૬

મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)

૧, ઓમ ચેમ્બર, કાલીચાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

## Principal District and Sessions Court, Washim

IN THE COURT Of Shri. Anil Subramaniam

Principal District and Sessions Judge, Washim, Ta. Dist. Washim (M.S)

(Publication of Summons U/o 5 R 20 CP.C. to Non-Applicant for Appearance on fixed Date 21/09/2026 in Regular Civil Appeal)

RCA No. 30/2008

Fix Date. 21/09/2026

Sitaram T. Undal -Vs- Smt. Tulsabai N. Undal

To,

Praposed Non-Applicant No. 5 D- Suresh Sarangdhar Ambhore,

Age - Major, Occ. - Farmer

R/o - Santhan, Tq. Umargaon,

Dist. Valsad, Gujrat State

Where has Sitaram Tolaji Undal and Others, R/o- Chiwara, Tq. Malegaon, Dist. Washim, (Maharashtra State) has instituted a Regular Civil Appeal impleading you as one of the Proposed respondent of Deceased Sindhubai Sarangdhar Ambhore (Non Applicant No.5) Which case has been directed to be listed before this Court for hearing at 10.30 a.m. on 21-09-2026.

The Appeal is filed against the Judgement and Order passed by Civil Judge Junior Division Malegaon, Dist. Washim. in R.C.S No. 81/1998 Namdeo & Others-Vs- Tulsabai & Others decided on 05-03-2008. The Appellant many time tried to serve notice on Proposed Respondent No. 5-D through court but did not served.

Now therefore by this paper publication Summons, above proposed respondent No. 5-D, is hereby directed to appear in this Court in person or by a pleader or on behalf of any authorised person who is able to answer all such questions In default of your appearance, on the day above mentioned. In default of your appearance on the day the Appeal will be heard and determined in your absence. Hence informed by this to You. Given Under my Hand and the Seal of the Court, this Dt- 03.09.2026

Date . 03.09.2026

Place :- Washim

By order

I/c Superintendent (Judicial Branch)

District & Sessions Court,

Washim Ta.Dist. Washim (M.S.)

# ડાંગ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વિકાસની નવી ક્ષિતિજો,આદિવાસી બાળકોને મળી રહી છે શિક્ષણ ક્ષેત્રે અદ્યતન સુવિધાઓ



રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લો ડબલ એન્જિન સરકારના પ્રયાસોથી હવે શિક્ષણ ક્ષેત્રે પણ અગ્રેસર બની રહ્યો છે.ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની દીર્ઘદૃષ્ટિ હેઠળ ડાંગ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે પાયાની સુવિધાઓથી લઈને અદ્યતન માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.જેના પરિણામે આદિવાસી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે સવલતો પણ મળી રહી છે.રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સરાહનીય પ્રયાસોના પગલે છેવાડાના ડાંગ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ જોવા મળી રહી છે. આદિવાસી બાળકોને અદ્યતન માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થતાં શિક્ષણને વેગ મળ્યો છે. ડાંગ જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ અને પાયાની સુવિધાઓમાં સુધારાના પગલે આદિવાસી બાળકોનો ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો છે. શિક્ષકોની ગુણવત્તાયુક્ત કામગીરી તેમજ સુલભ અને સુવિધાસભર વર્ગખંડોની ઉપલબ્ધતાના કારણે છેવાડાની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં શિક્ષણ પ્રત્યેની રૂચિ વધી છે.ડાંગ જિલ્લાના આદિવાસી બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે પાયાની સુવિધાઓમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. શાળાઓમાં અદ્યતન ઓરડાઓ તેમજ હોસ્ટેલનું નિર્માણ કરી બાળકોને આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.જ્યારે કેટલીક શાળાઓમાં ઓરડાઓ સહિત હોસ્ટેલના નિર્માણ કાર્ય પણ પુરજોશમાં ચાલી રહ્યા છે, જે આવનારા દિવસોમાં બાળકોને અર્પણ કરી વિકાસની નવી દિશા આપવામાં આવશે.રાજ્ય સરકારના સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકાના ગામડાઓમાં અદ્યતન ઓરડાઓના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. જેના પગલે હાલમાં શાળાઓના નિર્માણની કામગીરી પ્રગતિમાં ચાલી રહી છે.ડાંગ જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ કોલેજ કક્ષાએ શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો થઈ રહ્યો છે. શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓમાં વધતી જતી રૂચીના પગલે પરીક્ષાના પરિણામોમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. આમ, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો સાર્થક સાબિત થઈ રહ્યા છે..




શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

House of Exclusive Collection

R.A. Parikh Jewellers NX

પ્લેન ગોલ્ડ જ્વેલરી મજુરી 5.9%* થી શરૂ

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

*શરતો લાગુ